[redacted]

કોર્ટ મેટર / ખૂબજ જરુરી / સમયમર્યાદા
નં/સ્ટેમ્પ/કપદ/પરર /૨૦૦૬

સુપ્રી.ઓફ.સ્ટેમ્પસશ્રીનીકચેરી
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર–૧૩–સી "ખ" રોડ,
ગાંધીનગર
તાઃ– ૨૫/૯/૦૬

વંચાણમાં લીધ : (૧) મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ–૩ર–ક

(૨) મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ–૩ર–ક હેઠળના મુંબઈ સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નકકી કરવા બાબત ) નિયમો –૧૯૮૪

(૩) સ્પે.સી.એ. નં. ૨૪૬૯ સને ૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટનો તા. ૨૦–૬–૨૦૦૬ નો ચુકાદો તથા સ્પે.સી.એ.નં.૨૧૦૯૪/૦૫, ૧૪૧૮/૦૬, ૧૭૦૭/૦૬, ૧૮૬૬/૦૬, ૬૧૫૦/૦૬, ૬૧૫૪/૦૬, ૬૧૫૬/૦૬, ૬૧૫૭/૦૬, ૬૧૫૮/૦૬, ૬૧૫૯/૦૬, ૬૧૬૦/૦૬ વિગેરેમાં આપવામાં આવેલ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા.

## પરિપત્ર :–

(૧) નામદાર ગુજરાત હાઈકોર્ટમાં તાજેતરમાં મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ–૩ર–ક ના હુકમો સંબંધિત રજુ થયેલ સ્પે.સી.એ.ની સુનાવણી દરમ્યાન નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર ધ્વારા અધિનિયમ તથા તે હેઠળના નિયમોની જોગવાઈઓનું યોગ્ય પરિપાલન કરવામાં આવેલ નથી, નોટીસોમાં બજારકિંમતનો આધાર તથા ગણત્રી પત્રક હોતું નથી. કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ સાંભળવાની તક આપેલ નથી અને અરજદારે રજુ કરેલ પુરાવા /દલીલો ગ્રાહય, અગ્રાહય રાખવાંના કારણો હોતા નથી.સાઈકલોસ્ટાઈલ કે પ્રિન્ટેડ નમુનામાં હુકમો કરવામાં આવેલ છે. વિગતવાર હુકમો ( SPEAKING ORDER ) કરવામાં આવેલ નથી. વિગેરે મુદ્દાઓ બાબતે નામદાર કોર્ટ ધ્વારા ગંભીર નોંધ લઈ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા સરકારશ્રીનું ધ્યાન દોરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્પે.સી.એ.નં. ૨૪૬૯/૦૬ માં તા.૨૦–૬–૨૦૦૬ ના રોજ આપેલ ચુકાદાની નકલ આ સાથે સામેલ રાખેલ છે. સદર ચુકાદાની વિગતે નાયબ કલેકટરશ્રી ધ્વારા સાયકલોસ્ટાઈલ નમુનામાં હુકમ કરેલ હોઈ તથા મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ તથા તે હેઠળના નિયમોની જોગવાઈ અનુસરેલ ન હોઈ નાયબ કલેકટરશ્રી ના હુકમો રદ કરેલ છે.

અધિનિયમની કલમ–૩૨ ક ના નિકાલ કરવામાં આવતા કેસોમાં નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર ધ્વારા અધિનિયમ તથા તે હેઠળના નિયમોની જોગવાઈઓનું યોગ્ય પાલન કરવામાં આવેલ નથી, તેમજ કેસોના નિકાલની કાર્યપધ્ધતિમાં પણ નિષ્કાળજી અને ક્ષતિ દાખવવામાં આવેલ છે , તે બાબતની રાજય સરકાર ધ્વારા પણ ગંભીર નોંધ લેવાનાં આવેલ છે. આ બાબતોનું પુનરાવર્તન ન થાય તેમજ કલમ–૩૨–ક નાં કેસોના નિકાલ માટે અધિનિયમની તથા તે હેઠળના નિયમોની જોગવાઈઓના ભંગ ન થાય તે સારૂં તમામ નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને આથી તાકીદ આપવામાં આવે છે અને નીચેની બાબતો પરત્વે ધ્યાન દોરવામાં આવે છે.

(૨) મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ–૩૨–ક(૧) ની જોગવાઈ અનુસાર સદર કલમમાં જણાવેલ લેખો નોધણી અર્થે નોધણી અમલદાર સમક્ષ રજુ થાય ત્યારે લેખમાં જણાવેલ અવેજની રકમ લેખનો વિષય હોયં તેવી મિલકતની આશરે બજાર કિંમત જેટલો ન હોય અથવા તેવી મિલકતની બજાર કિંમત તેમાં ખરી જણાવેલ ન હોય તેવા પ્રસંગે લેખની નોધણી કરતાં પહેલાં મિલકતની ખરી બજાર કિંમત અને લેખ ઉપર આપવાની યોગ્ય ડયુટી નકકી કરવા માટે નોધણી અમલદારે સદર લેખ કલેકટરશ્રીને (નાયબ કલેકટર) મોકલવાનો રહે છે. સદર કલમ–૩૨–ક ની પેટા કલમ(૨) ની જોગવાઈ અનુસાર લેખ અથવા લેખની નકલ મળ્યેથી કલેકટરશ્રીએ સંબંધિત પક્ષકારોને સાંભળવાની વ્યાજબી તકો આપ્યા પછી અને આ અર્થે રાજય સરકારે કરેલ નિયમો અનુસાર લેખનો વિષય હોય તેવી મિલકતાની ખરી બજાર કિંમત અને તેના ઉપર આપવાની યોગ્ય ડયુટી નકકી કરશે.

(૩) રાજય સરકાર ધ્વારા મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ–૩૨–ક હેઠળ મુંબઈ સ્ટેમ્પ ( મિલકતની બજાર કિંમત નકકી કરવા બાબત ) નિયમો–૧૯૮૪ તથા જોગવાઈઓ ઠરાવેલ છે. સદર નિયમોના નિયમ ૪ , ૭ અને ૮ માં કલમ–૩૨–ક (૧) હેઠળ લેખ મળ્યા પછી કલેકટરશ્રીએ ખરી બજાર કિંમત તથા યોગ્ય ડયુટી નકકી કરવા સંબંધમાં અનુસરવાની કાર્યરીતી તથા માર્ગદર્શક સિધ્ધાંતો અંગેની જોગવાઈઓનો ઠરાવેલ છે. ઉકત જોગવાઈઓ ધ્યાને લેતાં કલમ–૩૨–ક (૧) હેઠળ મળેલ લેખ સંબંધમાં અધિનિયમની કલમ–૩૨–ક ની

પેટા કલમ(૨),(૩) તેમજ મુંબઈ સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત ) નિયમો ૧૯૮૪ ના નિયમ ૪,૭ અને ૮ નું ચુસ્તતાથી પાલન કરવાનું હોય છે.

(૪) અધિનિયમની કલમ ૩૨–ક અન્વયેના કેસો રાજ્યની બહોળી રકમની મહેસુલી આવક સાથે સંકળાયેલા છે. આવા કેસોમાં અધિનિયમની તથા તે હેઠળના નિયમોની. જોગવાઈઓનું યોગ્ય પરિપાલન કે અનુસરવામાં ન આવે તો આવા કેસોમાં કરવામાં આવેલા હુકમો નામ. કોર્ટના ચુકાદા મુજબ ગેરકાયદેસર ઠરી શકે છે, જે ગંભીર બાબત ગણાય. કલમ–૩૨–ક ના વિવાદીત કેસો ઉપસ્થિત થવા માટે નીચેની બાબતો અત્રેના ધ્યાન ઉપર આવેલ છે.

(ક) મુંબઈ સ્ટેમ્પ ( મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત ) નિયમો–૧૯૮૪ ના નિયમ–૪ (૨) હેઠળ, લેખ સંબંધિત મિલકતની આશરે બજાર કિંમત નક્કી કરી પક્ષકારને સુનવણીની તક આપતી નોટીસ આપવામાં આવે છે. આ નોટીસમાં કઈ વિગતોને ધ્યાને લઈને આશરે બજાર કિંમત આકારેલ છે, તેનો આધાર તથા ગણત્રી પત્રક કે તેની વિગતો જણાવવામાં આવતી નથી.

(ખ) પક્ષકાર ધ્વારા કરવામાં આવેલ રજુઆત / પુરાવા, દલીલો કયા કારણોસર ધ્યાને લેવા પાત્ર જણાયેલ છે, અથવા જણાયલ નથી જણાયેલ તેની વિગતો કલમ–૩૨–ક(૩) હેઠળ કરવામાં આવતાં હુકમમાં જણાવવામાં આવતી નથી.

(ગ) અધિનિયમની કલમ–૩૨(ક) હેઠળ કરવામાં આવતાં હુકમો પ્રિન્ટેડ કે સાઈકલોસ્ટાઈલમાં તૈયાર કરી ખાલી ખાલી જગ્યા રાખવામાં આવે છે. અને તેમાં માત્ર વિગતો ભરવામાં આવે છે. અને નક્કી કરેલ બજારકિંમત બાબતે એકજ લીટીમાં હુકમ કરવામાં આવે છે.

(૫) ઉપરોક્ત તમામ બાબતો તથા અધિનિયમની જોગવાઈનો તથા તે હેઠળના નિયમોની જોગવાઈ ઓનું યોગ્ય પરિપાલન તથા અમલીકરણ થાય, પક્ષકારો ધ્વારા વિવાદીત કેસો ઉપસ્થિત થવા ન પામે અને નિયમાનુસારની કાર્યવાહી કરવા તમામ નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને આથી જણાવવામાં આવે છે.

(ક) કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું ઉલ્લંઘન ન થાય તે માટે પક્ષકારોને રજુઆતની પુરતી અને વ્યાજબી તકો અચુક આપવી.

–૪–

(ખ) કલમ-૩૨-ક હેઠળ લેખ મળ્યેથી મુંબઈ સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નકકી કરવા બાબત ) નિયમો-૧૯૮૪ ના નિયમ-૪ (૨) મુજબ આશરે બજાર કિંમત નકકી કયા આધારે નકકી કરવામાં આવેલ છે, તેની વિગતો અને આધાર જણાવી સંબંધિત પક્ષકારને આધાર પુરાવા સહિત રજુઆત માટેની તક આપવાની રહે છે. નાયબ કલેકટરશ્રી ધ્વારા જે વિગતોના આધારે મિલકતની આશરે બજાર કિંમત નકકી કરવામાં આવેલ હોય તેની વિગતો જેવી કે જંત્રીના ભાવ, જંત્રીના પાન નંબર, બાંધકામના ભાવ, ઘસારો, સ્થળ નિરીક્ષણ કરેલ હોય તો તેની વિગતો મિલકતના મુલ્યાંકનનું ગણતરી પત્રક વિગેરે સંબંધિત પક્ષકારને આપવાની રહેશે.

(ગ) મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ-૩૨-ક (૨) માં સંબંધિત પક્ષકારને સાંભળવાની યોગ્ય તકો આપવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે. સબબ કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર પક્ષકારને ઓછામાં ઓછી ત્રણ સુનાવણીની તકો આપવાની રહેશે. આ સંબંધમાં નિયમ ૪(૨) ની નોટીસ /હુકમ સદર નિયમોના નિયમ-૭ મુજબ રજી. પોસ્ટ એ.ડી.થી જ બજાવવાની રહેશે. તેજ રીતે હુકમો પણ બજાવવાના રહેશે અને પહોંચ રેકર્ડ અને નોટીગમાં ઉલ્લેખ કરવા જે કિસ્સામાં નોટીસ /હુકમ સરનામું બદલાયેલ હોય અને સંબધિત પક્ષકારનું સાચુ અને ચોકકસ સરનામું પુરતા પ્રયત્ન કરવા છતાં મળતું ન હોય તેવા કિસ્સામાંજ તલાટી મારફત નિયમ ૭ (૪) (ડી) ની જોગવાઈ મુજબ નોટિસ બજાવવાની કાર્યવાહી કરવાની રહેશે. અને તેની વિગતો રેકર્ડ પર રાખવાની રહેશે. આ અંગેની વિગતો નોંધ વિભાગમાં જણાવવાની રહેશે. કે કયારે કયારે નોટીસો બજાવી અને તેની પહોંચ, પત્રવ્યવહાર કયા પાના પર છે કયારે કયારે સુનાવણીની તકો આપી તેની નોંધ હુકમ બજવણીની પહોંચ અને નોંધમાં તેનો ઉલ્લેખ.

(ઘ) સંબંધિત પક્ષકાર તરફથી સુનાવણીની મુદતે રજુંઆત તેમજ જે આધાર પુરવા રજુ થાય તેને ધ્યાને રાખીને નાયબ કલેકટરશ્રી ધ્વારા વિગતવાર હુકમ(SPEAKING ORDER) કરવાનો રહેશે. અધિનિયમની કલમ-૩૨-ક (૩) હેઠળ હુકમ કરતી વખતે હુકમોમાં પક્ષકારને રજુઆત માટે જેટલી નોટીસો આપેલ હોય અને કયારે તે બજી તે તમામનો ઉલ્લેખ કરવાનો રહેશે. તેમજ પક્ષકારની રજુઆત તથા આધાર પુરાવા કયા કારણોસર સ્વીકાર્ય / અસ્વીકાર્ય છે. તેની વિગતો હુકમમાં જણાવવાની રહેશે. જેથી પક્ષકારને Application of maid

નથી તેવી રજુઆત કરવાની તક મળે નહી.આમ ઉકત વિગતે સ્પીકીંગ ઓર્ડરમાં નીચેના તમામ મુદા આવરી લેવાના રહેશે.

૧. લેખની વિગત, પ્રકાર, નોંધણીની તારીખ, અનુક્રમ નંબર, કચેરીનું નામ, તથા કઈ કલમ હેઠળ લેખ મળ્યો તેની વિગત.

૨. ખુટતી સ્ટેમ્પ ડયુટી વસુલ લેવા ઉપસ્થિત મુદાની વિગત.

૩. ખુટતી સ્ટેમ્પ ડયુટી વસુલ લેવા પક્ષકારોને આપવામાં આવેલ નોટીસોની તારીખોવાર બજવણીની વિગત.

૪. પક્ષકારે હાજર રહેયા અંગેની વિગત ( તારીખ સહિત ) પક્ષકાર તરફથી રજુ થયેલ પુરાવા / રજુઆતની વિગત તથા તે માન્ય / અમાન્ય રાખવાના કારણો.

૫. રજુ થયેલ પુરાવા / રજુઆતનાં સંદર્ભમાં અધિનિયમ / નિયમોની જોગવાઈ સહિત લેખ તથા અધિનિયમ હેઠળ લેવાપાત્ર થતી યોગ્ય ડયુટી, વાપરેલં ડયુટી તથા ખુટતી ડયુટીની વિગત અને તે અંગેના તારણોની વિગત.સરખા પ્રકારની મિલકતો / જમીનની રજુઆત થાય ત્યાં તે સ્વીકારવા / અસ્વિકારવાના કારણો આધાર સહિત હુકમમાં દર્શાવવા.

૬. અધિનિયમની કલમ હેઠળ ખુટતી સ્ટેમ્પ ડયુટી તથા દંડની રકમ વસુલ લેવાની થાય છે તેની વિગત સહિત હુકમનો સારાંશ જેથી વિવાદના કિસ્સામાં સરકાર પક્ષે યોગ્ય અને અસરકારક રજુઆત થઈ શકે.

(ચ) સદર નિયમોના નિયમ ૮ માં મિલકતની બજાર કિંમત નકકી કરતી વખતે ધ્યાને લેવાના માર્ગદર્શક સિધ્ધાંતોની વિગતે જણાવવામાં આવેલ છે. નાયબ કલેકટરશ્રી ધ્વારા લેખ સંબંધમાં મિલકતની ખરી બજાર કિંમત નકકી કરતી વખતે સંબંધિત પરિબળો ધ્યાને લેવાના રહેશે.

(છ) નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટીની કચેરી તથા સબ રજીસ્ટ્રારની કચેરીઓમાં નોંધણી માટે આવતા પક્ષકારોની સમજ માટે દસ્તાવેજની નોંધણીના દર, દસ્તાવેજની તારીખે પ્રવર્તમાન જંત્રીના ભાવોની વિગત સ્ટેમ્પ ડયુટીના દર બાંધકામના પ્રકાર મુજબ જુથો અને તેના લેખો અંગે બાંધકામ ભાવો અને તેની સમજણ આપતી માહિતી નોટીસ બોર્ડ ઉપર દેખાય તે રીતે મુકવાની રહેશે.

(જ) ફલેટ તથા બહુમાળી મકાનોની મિલકતમાં બજાર કિંમત નકકી કરવાના કામે મળવાપાત્ર એફ.એસ.આઈ ની માહિતી જે તે ફલેટને વરાડે પડતી જમીનનો હિસ્સામાં આવતી જમીનનું ક્ષેત્રફળ મુલ્યાંકન હેતુસર તમામ નાયબ કલેકટરશ્રીઓએ ધ્યાને લેવું જોઈએ. જેના આધારે મિલકતની ખરી બજાર કિંમત નકકી થવી જોઈએ.

(ઝ) નાયબ કલેકટરશ્રી, મિલકત મુલ્યાંકનના નિયમ-૮ મુજબ મુલ્યાંકન અંગે નિર્ણય કરનાર અધિકારી છે તેઓશ્રી ધ્વારા સ્થળ નિરીક્ષણ કર્યા વગર નિર્ણય લેવામાં આવે છે. તેવી કેટલીક રજુઆતો / અત્રેની મળેલ છે. મોટાભાગના તમામ જિલ્લાઓમાં નાયબ કલેકટરશ્રીની કચેરીમાં પ્લાનીંગ આસી.શ્રીઓની નિમણૂંક થાય છે. જેઓએ મુલ્યાંકન કરતા અગાઉ જરૂર જણાય તો મિલકતની સ્થળ મુલાકાત લઈ પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે નાયબ કલેકટરશ્રીને અહેવાલ રજુ કરવો જરુરી છે. મોટી રકમના તથા જટિલ કેસોમાં તથા જરૂર જણાય તો નાયબ કલેકટરશ્રીઓએ પોતે જાતે સ્થળ મુલાકાત લેવી જોઈએ.

(ટ) અધિનિયમની કલમ-૩૨-ક (૩) હેઠળનો વિગતવાર હુકમ ( SPEAKING ORDER) કરવાનો થાય છે. નાયબ કલેકટરરી ધ્વારા સાયકલોસ્ટાઈલ કે છાપેલા નમુનામાં યંત્રવત રીતે (Mechanically) વિગતો ખાલી રાખીને ત્યાર બાદ આવા સાયકલોસ્ટાઈલ કે પ્રીન્ટેડ નમુનામાં વિગતો ભરીને હુકમો કરવામાં આવે છે. પરંતુ તેમાં Application of maid નો અભાવ જણાતો હોય છે જેથી કલમ-૩૨-ક(૩) હેઠળના હુકમો વિગતવાર હુકમો દરેક કેસ પ્રમાણે તૈયાર કરાવવના રહેશે. જેથી પક્ષકાર સાયકલોસ્ટાઈલ કે પ્રીન્ટેડ નમુનામાં હુકમ કરેલ છે, તે મુજબની દલીલ કે રજુઆત કરી શકે નહી. નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી અને મુલ્યાંકન તંત્ર ધ્વારા કરવામાં આવેલ સ્પીકીગ ઓર્ડરો બાબતે આ સાથે આપેલ નમુના મુજબનું પ્રમાણપત્ર દર ત્રણ માસે તે પછીના માસની ૭મી તારીખ સુધીમાં અચુક મોકલી આપવાનું રહેશે.

(ઠ) વિશેષમાં અધિનિયમની કલમ-૩૨-ક (૪) ની જોગવાઈ અનુસાર લેખમાં જણાવેલ અવેજ કે બજાર કિંમતના ખરાપણાની ચકાસણી સારુ કલેકટરશ્રી આપમેળે લેખની નોંધણીની તારીખ થી છ વર્ષમાં લેખ મંગાવી શકે છે. સદર છ વર્ષના મર્યાદાની જોગવાઈનું યોગ્ય પરિપાલન થાય તે માટે

અત્રેથી અગાઉ પરિપત્રથી વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ છે. જેનું ચુસ્તપણે પાલન કરવા પણ તમામ નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ અને મુલ્યાંકન તંત્રને આથી જણાવવામાં આવે છે અને હવે આવા કેસો ધ્યાને આવશે તો ગંભીરતાપૂર્વક લેવામાં આવશે.

ઉપરોકત સુચનાઓનું ચુસ્તપણે પાલન તથા અમલ કરવા તમામ નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રને આથી સ્પષ્ટ સુચના આપવામાં આવે છે. ઉપરોકત સુચવેલી કાયદાકીય નિયમો હેઠળની કોઈપણ જોગવાઈઓનું પાલન / અમલ કરવામાં નાયબ કલેકટરશ્રી ઘ્વારા ચુક કે નિષ્કાળજી દાખવવામાં આવશે તે બાબતની ગંભીર પણે લેવામાં આવશે.

સદર પરિપત્ર મળ્યાની પહોંચ દિન–૭ માં મોકલી આપવા આથી પણ જણાવવામાં આવે છે.

સુપ્રી.ઓફ સ્ટેમ્પ્સ
અને
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર વતી

સ્થળપ્રત ઉપર સુપ્રિ.ઓફ સ્ટેમ્પશ્રીએ સહી કરેલ છે.
બિડાણ : ઉપર મુજબ

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર
......................

<u>નકલ સવિનય રવાના :–</u>

(૧) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવલાય, ગાંધીનગર તરફ જાણ સારૂં.
(૨) સરકારી વકીલશ્રી, સરકારી વકીલશ્રીની કચેરી, નામ. ગુજરાત હાઈકોર્ટ, સોલા, અમદાવાદ

<u>નકલ રવાના :</u>

(૧) અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૨) નાયબ નોંધણીસર નિરીક્ષકશ્રી, ગાંધીનગર.
(૩) નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ, ગાંધીનગર.
(૪) આસી.સુપ્રિ.ઓફ સ્ટેમ્પ, ગાંધીનગર.

# પ્રમાણપત્ર

હું શ્રી ........................................ નાયબ કલેક્ટરશ્રી, સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકનતંત્રની કચેરી ............................ દ્વારા માહે જાન્યુઆરીથી માર્ચ / એપ્રિલથી જુન / જુલાઈથી સપ્ટેમ્બર / ઓકટોબરથી ડીસેમ્બર દરમ્યાન મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલક ૩૨(ક) હેઠળ ................ કેસોમાં તથા કલમ ૩૯ હેઠળ .................. કેસોમાં મળી કુલ........... હુકમો કરવામાં આવેલ છે. આ ................ તમામ કેસોમાં અધિનિયમની તથા તે હેઠળની જોગવાઈઓને અનુરૂપ વિગતવાર (Speaking Order ) કરવામાં આવેલ છે જે હકીકત ખરી અને સાચી છે. તે મુજબનું આથી પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

નાયબ કલેકટર,<br>
સ્ટેમ્પ ડયુટી મૂલ્યાંકન તંત્ર.<br>
જીલ્લો :..................

PM/I